# આખરે, પ્રાંતિજ સ્વામી વિવેકાનંદ શોપિંગનું દબાણ દુર થયું

## દિવાળી ટાળે જ દબાણ દુર કરતા વેપારીઓની દિવાળી બગડી : કોરોના મારમાંથી ઉભા ન થયેલ વેપારીઓ ઉપર દબાણનો માર





પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાનું કોમ્પલેક્ષ સ્વામી વિવેકાનંદ આગળ દુકાન માલિકો દ્વારા કરવામાં આવેલ દબાણો મોડે-મોડે પણ આખરે દુર થયું તો દિવાળી ટાળે જ દબાણો દુર કરતા વેપારીઓની દિવાળી બગડી.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ શોપીંગ સેન્ટરમાં દુકાન માલિકો દ્વારા કરવામાં આવેલ દબાણો મોડે-મોડે પણ નગરપાલિકા દ્વારા દબાણો દુર કરવામાં આવ્યા હતા. બીજી બાજુ જોકે એક બાજુ કોરોનાના મારથી વેપારીઓ હજુ ઉભા થઇ શકયા નથી ને વેપારીઓ ઉપર દબાણનો માર પડતા હાલ વેપારીઓ ભાંગી પડ્યા છે. વેપારીઓ દ્વારા પાલિકા પાસે દિવાળી સુધીની મુદત માગી હતી અને દિવાળી બાદ જાતે દબાણ હટાવવામાં માટે રજુઆત કરી હતી જોકે નગરપાલિકા દ્વારા તસનું મસ ના થતા આજે જેસીબી મશીન મોકલતા વેપારીઓ દ્વારા જાતેજ દબાણ દુર કરવામાં આવ્યું હતું, ત્યારે હાલ તો એક બાજુ કોરોનાની મહામારી મંદી અને બીજીબાજુ દિવાળી ટાળે જ પાલિકા દ્વારા દબાણ દુર કરવામાં આવતાં વેપારીઓમા પાલિકા પ્રયકતે નિરાશા જોવા મળી રહી છે અને હાલ તો વેપારીઓની દિવાળી પણ બગડી છે. નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ, નગરપાલિકાના એન્જીનીયર મેઘનાબેન રાવ, નગરપાલિકાના એસાઇ સંજયભાઈ ચૌધરી સહિત પ્રાંતિજ પોલીસ ટીમ ઘટનાસ્થળે હાજર રહી હતી. વેપારીઓએ મંદીના મારમાં જેસીબીથી તોડવામાં આવે તો વધુ નુકસાન થાય એટલે જ જાતેજ વેપારીઓએ વધુ નુકસાન ના થાય એટલે પોતાની દુકાન આગળ કરેલ દબાણો જાતેજ દુર કર્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં પરવાનગી વિના દુકાનો/લારી-ગલ્લાવાળા દારૂખાનાનો કે ફટાકડાનો વેપાર કરી શકશે નહી

મોડાસા, તા. ૨૮

આગામી તા. ૧૪ નવેમ્બર-૨૦૨૦ના રોજ દિવાળીના તહેવાર દરમ્યાન જિલ્લામાં ઠેર ઠેર મોટા પ્રમાણમાં ફટાકડાનો વેપાર થાય છે. આ ફટાકડાના વ્યાપાર દરમ્યાન જણાઈ આવેલ છે કે ઘણી જગ્યાએ ફટાકડા પરવાનગી વગરની દુકાનો/લારી/ગલ્લા વિગેરે સ્થળોએ દારૂખાનાના પરવાના વગર વેપાર થાય છે જેથી આવી ગેરરીતી અટકાવી શકાય તે માટે નિયંત્રણ રાખવું જરૂરી હોઈ અમૃતેશ ઔરંગાબાદકર જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી, જિલ્લા, મોડાસાને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ (૧ ) (એચ) થી મળેલ અધિકારની રૂએ પ્રતિબંધિક હુકમ ફરમાવેલ છે.

દિવાળીના તહેવાર દરમ્યાન દારૂખાનાના પરવાના વગર જાહેર માર્ગો, શેરીઓ અને ગલીઓમાં દુકાનો/લારીઓ/ગલ્લાઓ મારફતે વ્યાપાર કરતા હોય છે આના કારણે આવી પરવાના વગરની જગ્યાઓએ થતા ફટાકડાના વ્યાપાર દરમ્યાન આગ અને અકસ્માતના બનાવો બનવાની સંભાવના નકારી શકાય નહિં. આમ ઉપર જાહેર માર્ગો, શેરીઓ, ગલીઓ અને અન્ય જગ્યાઓમાં દારૂખાના પરવાના વગર વેચાણ કે સંગ્રહ કરી શકશે નહી.

સદરહું જાહેરનામું તા. ૩૦ નવેમ્બર-૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તેમજ ભારતના દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## પ્રાંતિજ કોર્ટનો ચુકાદો ૪૦ લાખનાં ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ કોર્ટમાં ચાલતા ૪૦ લાખની માતબર રકમના ચેક રિટર્નનાં કેસમાં એડીશનલ ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂક્તો હુકમ કરેલ છે.

કેસની વિગત એવી છે કે પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામના ફરિયાદી પટેલ સંદીપભાઈએ ભીખાભાઈએ ગાંધીનગરના કોલવડા ગામના આશિષકુમાર કૃષ્ણકાંત ઠાકર પર ૪૦ લાખની રકમનો ચેક રિટર્નનો કેસ કર્યો હતો. નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો આ કેસ પ્રાંતિજ કોર્ટમાં ચાલતા આરોપી આશિષકુમાર ઠાકર તરફે એડવોકેટ અશરફખાન એન. પઠાણ હાજર રહ્યા હતા. તેઓની ધારદાર દલિલો અને હાઈકોર્ટ તેમજ સુપ્રિમકોર્ટના ચુકાદાઓ રજુ કરતા પ્રાંતિજના એડીશનલ જ્યુડીશિયલ ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ એસ.કે. ગઢવીએ પુરાવાઓનુ મૂલ્યાંકન કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યો હુકમ કરેલ છે.

### અરવલ્લી એસઓજી પોલીસે શામળાજી નજીકથી

## ‘રામદેવ બાયો ડીઝ’ પંપ પાસે ઉભેલ ટેન્કરમાંથી ૧.૬૦ લાખનું ગેરકાયદેસર બાયો ડીઝલ ઝડપ્યું

શામળાજી, તા. ૨૮


અરવલ્લી જીલ્લામાં બાયોડીઝલના નામે ગેરકાયદેસર જ્વલનશીલ કેમિકલ વેચાણ કરવાનો ધંધો પુરજોશમાં ફૂલો-ફાલ્યો છે. જીલ્લા સતત ગેરકાયદેસર બાયોડીઝલનો જથ્થો પોલીસતંત્રના હાથે ઝડપાઈ રહ્યો છે. અરવલ્લી એસઓજી પોલીસે શામળાજી નજીક આવેલ શામળીયા હોટલ કંપાઉન્ડમાં આવેલ ‘રામદેવ બાયો ડિઝ’ નામના પંપ નજીક ઉભા રહેલા ટેન્કરમાંથી ૧.૬૦ લાખનું ૨૫૦૦ લીટર બાયો ડીઝલનો ગેરકાયદેસર જથ્થો જપ્ત કરી ‘રામદેવ બાયો ડિઝ’ પંપના માલિક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જીલ્લામાં પુરવઠાતંત્રની નિષ્ફળતાના પગલે ઠેર ઠેર બાયોડીઝલ વેચાણ થઈ રહ્યું છે, ત્યારે કોઈ પણ પ્રકારની મંજૂરી લીધા વગર ગડાદર પાટિયા નજીક આવેલ શામળિયા હોટલ કંપાઉન્ડમાં ધમધમતા રામદેવ બાયો ડિઝ પંપ અંગે પુરવઠા તંત્ર અજાણ હતું કે પછી આંખ આડે કાન કરવામાં આવી રહ્યા હતા જેવી તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે. અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલી શામળીયા હોટલના કંપાઉન્ડમાં ધમધમતા ‘રામદેવ બાયો ડીઝ’ નામના પંપ પર અરવલ્લી એસઓજી ટીમે રેડ કરતા પંપ નજીક ઉભી રહેલ ટેક્રરમાંથી જ્વલનશલી બાયોડીઝલનો ગેરકાયદેસર ૨૫૦૦ લીટર કીં. રૂ. ૧૬૦૦૦૦નો જથ્થો મળી આવતા પોલીસ ચોકી ઉઠી હતી. આ અંગે ભિલોડા પુરવઠા તંત્રને જાણ કરતા અધિકારીઓ દોડી આવ્યા હતા અને પંપને સીલ કરવાની કામગીરી હાથ ધરી હતી. એસઓજી પોલીસે ૧.૬૦ લાખ ગેરકાયદેસર બાયોડીઝલ જેવું જ્વનશીલ પ્રવાહી અને ટેન્કર કીં. ૫ લાખ મળી કુલ રૂ. ૬.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ‘રામદેવ બાયો ડીઝ’ના અજાણ્યા માલિક વિરુદ્ધ શામળાજી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### રતનપુર ચેકપોસ્ટ પરથી ટર્બો ટ્રકમાં ૭.૬૨ લાખનો દારૂ સાથે

## શામળાજી પોલીસને થાપ આપી, વાંટડા ટોલપ્લાઝા પરથી એલસીબી પોલીસે ઝડપ્યો

અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અને હેરાફેરી નાથવામાં મહદંશે સફળ રહ્યા છે. બુટલેગરો પર પાણી ફેરવી દીધું હતું. અરવલ્લી એલસીબી પોલીસે ટર્બો ટ્રકમાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેતા શામળાજી પોલીસની કામગીરી એલસીબી પોલીસે નાકાબંધી ગોઠવી દીધી હતી. રતનપુર ચેકપોસ્ટ તરફથી બાતમી આધારિત ટર્બો ટ્રક આવતા અટકાવી તલાસી લેતા ટર્બો ટ્રકમાં





અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ ઠાલવવા સતત નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. બુટલેગરો માટે રતનપુર ચેકપોસ્ટ વિદેશી દારૂ ઠાલવવા સિલ્ક રૂટ તરીકે જાણીતી છે. રાજસ્થાનથી ટર્બો ટ્રકમાં શાકભાજીના કેરેટની આડમાં ૭.૬૨ લાખનો વિદેશી ભરી રતનપુર ચેકપોસ્ટ પરથી શામળાજી પોલીસને થાપ આપવામાં સફળ રહેલ ટર્બો ટ્રકને એલસીબી પોલીસે ને.હા.નં-૮ પર આવેલા વાંટડા ટોલપ્લાઝા પરથી ઝડપી લેતા બુટલેગરોના મનસૂબા સામે અનેક સવાલો પેદા થયા છે. રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા પ્રમાણમાં વિવિધ વાહનો મારફતે બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડી રહ્યા હોવાની બૂમો ઉઠી રહી છે.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલ વાંટડા ટોલપ્લાઝા નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. શામળાજી તરફથી ટર્બો ટ્રકમાં વિદેશી દારૂની રાજસ્થાનથી અમદાવાદ હેરાફેરી થતી હોવાની બાતમી મળતા શાકભાજીના કેરેટની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ ૪૯૮૦, કીં. રૂ.૭૬૨૦૦૦નો જથ્થો જપ્ત કરી પ્રહલાદ તુલશારામ જાટ અને બલબીર સોલરામ જાટ (બંને રહે.રાજસ્થાન)ને ઝડપી પાડી ટર્બો ટ્રક, મોબાઈલ, શાકભાજીના ખાલી કેરેટ અને વિદેશી દારૂ મળી કુલ રૂ.૧૨૭૨૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને ખેપિયાને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ભિલોડા પોલીસ સ્ટેશનમાં ઈદે-મિલાદના તહેવાર નિમિત્તે શાંતિ સમિતીની બેઠક યોજાઈ

ભિલોડા પોલીસ સ્ટેશન પરીસરમાં ઈદે-મિલાદના તહેવાર નિમિત્તે શાંતિ સમિતીની બેઠક યોજાઈ હતી.પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. કે.કે.રાજપુતના અધ્યક્ષ સ્થાને મુસ્લીમ બિરાદરો સાથે બેઠક યોજાઈ હતી.કોરોના વાઈરસની મહામારી દરમ્યાન સલામતીના ભાગ રૂપે રાજ્ય સરકારની ગાઈડ લાઈન મુજબ સોશિયલ ડીસ્ટન્સ જાળવવું તેમજ શાંતિ,સલામતી જાળવવા પી.એસ.આઈ.એ મુસ્લીમ બિરાદરોને અનુરોધ કર્યો હતો.પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતીની બેઠકમાં મુસ્લીમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા.

### મોડાસા શહેરમાં ઘરફોડ ચોરી અટકાવવા મોડાસા ટાઉન પોલીસે

## છેવાડાની સોસાયટીઓના પ્રમુખ સહીત અગ્રણીઓ સાથે બેઠક યોજી

મોડાસા, તા. ૨૮

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ચોરી અને તસ્કર ટોળકી સક્રીય થતા સતત ચોરીના બનાવો બની રહ્યા છે. મોડાસા શહેરમાં બંધ મકાન શહેરના છેવાડાની સોસાયટીઓ અને અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી. ટાઉન પીઆઈ અને અન્ય પોલીસ અધિકારીઓના મોબાઈલ નંબર આપી સોસાયટીના પ્રમુખ અને અગ્રણીઓને કોઈ પણ સાંજના સુમારે શહેરની છેવાડાની સોસાયટીના પ્રમુખ અને શહેરના અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં પોલીસ અધિકારીઓએ શહેરીજનોના સહકારથી ઘરફોડ ચોરી અટકાવવા સૂચન કર્યા હતા




સલામત રહેતું ન હોવાની બૂમો ઉઠી રહી છે, છેલ્લા દસ દિવસમાં શહેરના જુદા જુદા વિસ્તારમાં રહેણાંક મકાનોને નિશાન બનાવી લાખ્ખો રૂપિયાની ચોરીની ઘટનાઓ બનતા મોડાસા ટાઉન અને રૂરલ પોલીસના નાઈટ પેટ્રોલીંગ સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે, ત્યારે ટાઉન પોલીસે પ્રકારની મદદ માટે ફોન કરી પોલીસનો સંપર્ક કરવા જણાવ્યું હતું, લોકોએ પોલીસતંત્રની કામગીરીને આવકારી હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં પીઆઈ સી.પી. વાઘેલા અને રૂરલ પીઆઈ એસ.એન. પટેલે મોડાસા શહેરમાં ઘરફોડ ચોરીને અટકાવવા મંગળવારે અને સોસાયટીમાં સીસીટીવી કેમેરાનું મેન્ટેનન્સ જાળવવા અને ઘરફોડ ચોરીની ઘટના અટકે તે માટે કયા કયા પ્રકારની તકેદારી રાખવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. શહેરીજનોએ છેવાડાના વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા અને પોલીસ પોઈન્ટ મુકવામાં આવે તેવી રજુઆત કરી હતી.

## ભિલોડાના મઉં ગામમાં નવરાત્રી નિમિત્તે નવદુર્ગાનું પુજન કરાયું

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉં ગામમાં નવલી નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે મઉં નવરાત્રી ગરબી મંડળ ધ્વારા શ્રી વારાહી માતાજીના મંદિરમાં આસો સુદ નોમના દિને શ્રી નવદુર્ગા (કુંવારીકા)નું પુજન માંઈ ભક્તો ધ્વારા કરાયું હતું. માંઈ ભકતોએ દર્શન કરીને આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.નવરાત્રી ગરબી મંડળ, પ્રમુખ સુરેશભાઈ સુથાર, અજીતભાઈ જોષી, કારોબારી સભ્યો, માંઈ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા તાલુકામાં ઠંડીની સિઝનનો શુભારંભ

ભિલોડા,તા.૨૮

ભિલોડા તાલુકામાં છેલ્લા બે-ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ ઘટાટોપ વાદળો હટતા ઠંડીની સિઝનનો શુભારંભ ધીમે ધીમે થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રે ઠંડીની જમાવટ ધીરે ધીરે વધે છે. પ્રજાજનોને બપોરે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. બપોરના સમયે ગરમીનું વાતાવરણ હોઈ એકદંરે મિશ્ર ઋતુ હાલના તબક્કે શરૂ હોઈ શરદી, ખાંસી, ઉધરસ અને તાવના દર્દીઓ જોવા મળી રહ્યા છે.કોરોના વાઈરસની મહામારી વચ્ચે જાગૃત પ્રજાજનો ભયના માહોલ વચ્ચે ઘરગથ્થુ દેશી ઉપચાર યોગ્ય હોય તેમ માની રહ્યા છે.

શિયાળાની સિઝનની શરૂઆત થઈ છે ત્યારે ખેડુતો રવિ સિઝનની તૈયારી કરી રહ્યા છે. આ વર્ષે ચોમાસાની સિઝન દરમ્યાન સાર્વત્રીક મેઘ મહેર થયેલ હોઈ ઠેર-ઠેર જળ સ્ત્રોતનું સ્તર ઉપર આવતા ઘઉં, ચણા, બાજરી, મકાઈ સહિત વિવિધ પ્રકારના પાકોનું મબલક વાવેતર માટે ખેડુતોએ તાડામાર તૈયારીઓ શરૂ કરી છે. હાડ ધ્રીજવતી કાતીલ તીવ્ર ઠંડીનું જોર ટુંક સમયમાં વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.



## ભિલોડા તાલુકાના નિવૃત્ત એસ.આર.પી. જવાનોના પડતર પ્રશ્નો સંદર્ભે મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા, તા. ૨૮

ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોના રહેવાસી નિવૃત્ત એસ.આર.પી. ગ્રૃપમાં વિવિધ સ્થળોએ સેવાઓ આપી વય નિવૃત્ત થયેલ જવાનોને તેઓની નોકરીમાં ઉચ્ચતર પગાર ધોરણ સહિતના લાભો ન મળતા હોઈ પડતર માંગો,વિવિધ પ્રશ્નો સંદર્ભે મામલતદાર આર.વી.વણકરને આવેદનપત્ર અપાયું હતું.એસ.આર.પી. ગ્રૃપમાં વિવિધ સ્થળોએ સેવાઓ આપી વય નિવૃત્ત થયેલ જવાનોને તેમના નોકરીમાં ૯,૧૮,૨૭ ઉચ્ચતર પગાર ધોરણ સહિતના લાભો ન મળતાં વય નિવૃત્ત જવાનોમાં ભારે રોષ છેલ્લા ઘણા સમયથી ભભુકી રહ્યો છે.એસ.આર.પી. ગ્રૃપના વય નિવૃત્ત જવાનોએ આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે સરકાર ધ્વારા તેમના લાભો સત્વરે અપાય તે માટે આવેદનપત્ર અપાયું હતું.

## પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજાઇ

પાલનપુર

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજવામાં આવી હતી.જેમાં ગત સાધારણ સભાના ઠરાવને વંચાણે લેવાના મુદ્દે હોબાળો મચ્યો હતો.જેમાં ભાજપના સભ્યએ ભ્રષ્ટાચારના આક્ષેપો કરતા ઉત્તેજના પ્રસરી ગઇ હતી. પાલનપુર નગરપાલિકા ભાજપ શાસિત નગરપાલિકા છે.જેમાં પાલિકાની બુધવારે સાધારણ સભા યોજવામાં આવી હતી.જેમાં જુદા-જુદા પાંચ મુદ્દાઓ લેવામાં આવ્યા હતા.જેમાં મુદ્દાઓની ચર્ચા કર્યા વગર બહાલી આપવાનું કહેતા ખુદ ભાજપના સભ્ય અમૃતભાઇ જોષીએ ગત સાધારણ સભાના ઠરાવો વંચાણે લેવા જણાવ્યુ હતુ.પરંતુ પ્રમુખ દ્વારા બહુમતીના જોરે તમામ મુદ્દાઓ સર્વાનું મતે મંજુર કરી દેતા બેઠકમાં હોબાળો મચી ગયો હતો.

### પોલીસની રાયફલ ઝુંટવી હુમલો કરનાર

## રાજસ્થાનના ખૂંખાર આરોપીને પાંચ વર્ષ અરવલ્લી પેરોલ ફર્લો સ્કોડે શામળાજી નજીકથી દબોચ્યો

શામળાજી, તા. ૨૮

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં ચાલતી અનેક બદીઓ પર કાબુ મેળવવામાં જીલ્લા પોલીસતંત્ર સફળ રહ્યું છે. જીલ્લામાં ગુન્હા આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા જીલ્લા પોલીસતંત્રએ કમરકસી છે. શામળાજી પોલીસ પર હુમલો કરી ઈન્સાન રાયફલ ઝુંટવી લઈ ફરાર થઈ જનાર રાજસ્થાનના પાલીસોડા ગામના કલ્પેશ હોથા નામના આરોપીને અરવલ્લી પેરોલ ફર્લો ટીમે શામળાજી નજીક રાજસ્થાન સરહદ પરના જાંબુડી ગામ પાસેથી બાઈક સાથે ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.



અરવલ્લી પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઇ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે ૫ વર્ષથી નાસતા ફરતા ખૂંખાર બુટલેગર રમેશ હોથાને દબોચી લીધો હતો. રાજસ્થાનના વીંછીવાડા પાલીસોડા (મહુન્દ્રા ફળા) ગામનો કલ્પેશ સિદ્ધરાજ ઉર્ફે શીવરાજ હોથા રાજસ્થાન સરહદ વિસ્તારમાં દારૂનું કટિંગ અને દારૂ ઘુસાડવા માટે સંડોવાયેલ અને ૫ વર્ષ અગાઉ આંતરરાજ્ય સરહદે બોરનાલા તેમજ પાલીસોડા વિસ્તારમાં ડુંગરો પરથી પ્રોહિબિશન રેડ કરનાર શામળાજી પોલીસ પર હુમલો કરી પોલીસકર્મીની ઈન્સાન રાયફલ ઝુંટવી લઈ ફરાર થઈ જતા શામળાજી પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુન્હો નોંધાયો હતો. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનો ગુન્હાનો વોન્ટેડ આરોપી કલ્પેશ હોથા ૫ વર્ષથી નાસતો ફરતો હતો. અરવલ્લી પેરોલ ફર્લો ટીમે શામળાજી નજીક જાંબુડી ગામ નજીકથી બાઈક લઈ કલ્પેશ હોથા પસાર થવાનો હોવાની બાતમી મળતા જાંબુડી નજીક વોચ ગોઠવી દીધી હતી. કલ્પેશ હોથા બાઈક પર આંતરરાજ્ય સરહદ પરથી પસાર થતા પેરોલ ફર્લો ટીમે ત્રાટકી દબોચી લીધો હતો અને શામળાજી પોલીસને સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.